તા.:૧૩ –૦૨ –૨૦૧૪ ની કારોબારી સમીતીની કાર્યનોંધ..

---

કામ નં.–૧.

વિષયઃ– વલસાડ નગરપાલિકાનુ સને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષનું રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૧,૫૦,૯૭,૫૭૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૬૧,૧૬,૭૧,૭૨૦/– રીવાઈઝડ બજેટ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં, ચર્ચા–વિચારણાંને અંતે નકકી કરવામાં આવ્યું કે, વલસાડ નગરપાલિકાનુ સને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષનું રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૧,૫૦,૯૭,૫૭૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૬૧,૧૬,૭૧,૭૨૦/–રીવાઈઝડ બજેટ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨.

વિષયઃ– વલસાડ નગરપાલિકાનુ સને ૨૦૧૪–૨૦૧૫ ના વર્ષ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૬,૭૪,૦૩,૫૭૦ /– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૭૩,૭૮,૪૦,૦૦૦ /– બજેટ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં, ચર્ચા–વિચારણાંને અંતે નકકી કરવામાં આવ્યું કે, વલસાડ નગરપાલિકાનુ સને ૨૦૧૪–૨૦૧૫ ના વર્ષનું બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૬,૭૪,૦૩,૫૭૦ /– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૭૩,૭૮,૪૦,૦૦૦ /–નું બજેટ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૩.

વિષયઃ– વો.વ.ક.ઠ.નં.–૨૭૦ / તા.: ૨૧–૧–૨૦૧૪ ની ભલામણ મુજબ, મોગરાવાડી દસ છાપરી વિસ્તારમાં સરકારશ્રીની યોજના હેઠળ પાકા આવાસો બનાવવાનાં કામે ઝુંપડાવાસીઓના પીવાના પાણી માટે નળ મુકવાનાં કામે માલ સામાન ખરીદ કરવાના કામનો અંદાજીત ખર્ચ રૂા.૧૬,૬૯૦/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

વો.વ.ક.ઠ.નં.–૨૭૦ / તા.: ૨૧–૧–૨૦૧૪ ની ભલામણ મુજબ, મોગરાવાડી ઝોનમાં આવેલ દસ છાપરી વિસ્તારમાં સરકારશ્રીની આવાસ યોજના હેઠળ ઝુંપડાની જગ્યાએ પાકા આવાસો બનાવવાનાં કામે ઝુંપડાવાસીઓને શીફટ કરેલ તે જગ્યાએ તેઓને પીવાનાં પાણીની વ્યવસ્થા કરવા નળ મુકવાનાં કામે માલ સામાન ખરીદ કરવાની જરૂર હોય,સદર માલસામાન સને ૨૦૧૩–૧૪ ના વર્ષનાં વાર્ષિક મંજુર થયેલ ભાવે ખરીદ કરવા અને સદર આવેલ કામનો અંદાજીત ખર્ચ રૂા.૧૬,૬૯૦/–અંકે રૂા. સોળ હજાર,છસો નેવું પુરાનો મંજુર કરી, કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૪.

વિષયઃ– સને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષની મળેલ રૂા. ૧–લાખની ગ્રાન્ટમાંથી લાયબ્રેરીમાં પુસ્તકો મૂકવા માટેનાં બુકસ રેકસ નંગ–૩ ખરીદવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, સને–૨૦૧૩ –૨૦૧૪ ના વર્ષની ગ્રંથાલય ખાતા, ગુજરાત રાજય, તરફથી મળેલ રૂા.૧(એક) લાખની ગ્રાન્ટમાંથી લાયબ્રેરીમાં પુસ્તકો મૂકવા માટે બુકસ રેકસ નંગ–૦૩, ખરીદ કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી ખરીદી કરવાનું તથા ખરીદી બાદ આવતાં બીલનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૨..

કામ નં.–૫.

વિષયઃ–લાઈબ્રેરીની સેવાઓને સરળ, ઝડપી અને અદ્યતન બનાવવા માટે કંમ્પલીટ કોમ્પ્યુટર સીસ્ટમ નંગ–૦૧ સને ૨૦૧૩–૨૦૧૪ ની મળેલ રૂા. ૧(એક) લાખની ગ્રાન્ટમાંથી ખરીદવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.ઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વર્તમાન સમયમાં રાજયની તમામ લાઈબ્રેરીઓને કોમ્પ્યુટરરાઈઝેશન થી અદ્યતન કરવાનું સરકારશ્રીનું લક્ષ્ય છે. જેથી લાઈબ્રેરીઓની સેવાઓનું વધુ સારી સરળ અને ઝડપી બનાવી શકાય. તથા પુસ્તકાલયને પણ કોમ્પ્યુટરની સેવાઓથી આવરી લેવા માટે રાજય મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગરના ગ્રંથપાલશ્રીએ પણ સુચન કરેલ છે. હાલે સને–૨૦૧૩ –૨૦૧૪ ના વર્ષ માટે અનુદાનની રકમ રૂા.૧ લાખ,પુસ્તકાલયને ગ્રાન્ટ સ્વરૂપે મળેલ છે. સદર ગ્રાન્ટમાંથી લાયબ્રેરી માટે કમ્પલીટ કોમ્પ્યુટર સીસ્ટમ નંગ–૦૧, લેઝર પ્રીન્ટર તેમજ લાયબ્રેરીના સોફટવેર પ્રોગ્રામનાં ઈન્સ્ટોલેશન સાથે ખરીદ કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ખરીદી કરવાનું તથા ખરીદી બાદ આવતાં બીલનું ચુકવણું કરવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૬.

વિષયઃ– નગરપાલિકા કચેરીની સામે શોપીંગ મોલ તેમજ શોપીંગ સેન્ટરનાં બાંધકામ કરવાના ખાતમુર્હત વિધિની તકતી, હેનીલ ક્રીએશન, સુરત પાસેથી બનાવવામાં આવેલ, જેને બહાલ રાખવા તથા આવેલ બીલ નં.૧૩૨/તા.ઃ૧૫–૧–૧૪ , રૂા. ૨૩,૨૨૦/– તથા બીલ નં.૧૩૩ / તા.ઃ ૧૫–૧–૧૪ રૂા. ૨૩,૨૨૦/– મળી કુલ રૂા. ૪૬,૪૪૦/– પુરાનો ખર્ચ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.ઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકા કચેરીની સામે ટી.પી.સ્કીમ નં.–૧ નાં ફા.પ્લોટ નં.૧૨૦ / ૨ માં શોપીંગ સેન્ટરનું બાંધકામ તેમજ ન.પા.કચેરીની સામે ટી.પી.સ્કીમ નં.–૧નાં ફા.પ્લોટ નં.૧૧૮/૨માં વાણિજય હેતુ માટે અનામત રાખવામાં આવેલ પ્લોટમાં શોપીંગ મોલ બાંધકામ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સદર બન્ને કાર્યક્રમનું ખાતમુર્હત વિધિ તા.ઃ૯–૧–૧૪ નાં રોજ માન.મંત્રીશ્રી આનંદીબેન પટેલના વરદ હસ્તે કરવામાં આવેલ હોય સદર કામે બન્ને કામોની તકતી સુરત મુકામે, હેનીલ ક્રીએશન, સુરત પાસેથી બનાવેલ છે. સદર બનાવેલ બન્ને તકતી બનાવેલ જેને બહાલ રાખી તેમના તરફથી આવેલ બીલ નં. નં.૧૩૨/તા.ઃ૧૫–૧–૧૪ , રૂા. ૨૩,૨૨૦/– તથા બીલ નં.૧૩૩ / તા.ઃ ૧૫–૧–૧૪ રૂા. ૨૩,૨૨૦/– મળી કુલ રૂા. ૪૬,૪૪૦/–અંકે રૂા. છેતાલીસ હજાર,ચારસો ચાલીસ પુરાનો ખર્ચ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૭.

વિષયઃ– સુપર માર્કેટમાં આવેલી કેબીનોવાળી જગ્યામાં શોપીંગ કોમ્પલેક્ષ બનાવવાના કામ અંગે દુકાનોની અપસેટ વેલ્યુ નકકી કરવા બાબત..

ઠરાવ.ઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાનાં કોર્મશીયલ પ્લોટ ઉપર આવેલ જુની સુપર માર્કેટની કેબીનોવાળી ટાઉન પ્લાનીંગની અનામત પ્લોટ ઉપર શોપીંગ સેન્ટરનું બાંધકામ અંગેનું ઈ–ટેન્ડર રાધિકા કન્સ્ટ્રકશનનું મંજુર થયેલ છે. સદરહું પ્લોટ ઉપર કેબીનો હાલે કાર્યરત છે. જેથી સદરહું કામે કેબીનોનું સ્થળાંતર કામચલાઉ રીતે કરવાની જરૂર છે. તથા નવા બંધાનાર શોપીંગ સેન્ટરનાં ગ્રાઉન્ડ ફલોર ઉપર સ્ટોલની અપસેટ કિંમત નકકી કરવાની જરૂર છે. જે અંગે કમીટીમાં ચર્ચા વિચારણાનાં અંતે નકકી થયું કે, ના. સરકારશ્રી તથા હાઈકોર્ટની ગાઈડ લાઈન મુજબ મંજુરી મેળવી, બાકી તમામ સ્ટોલોનું ભાડુ વસુલાત કરી, ઉપરોકત આવેલ કામે જરૂરી કાર્યવાહી કરવાની જરૂરી સત્તા, ચીફ ઓફીસરશ્રી, ચેરમેનશ્રી, કારોબારી સમીતી, પ્રમુખશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું તેમજ સુપર માર્કેટ એ વલસાડ નગરપાલિકાની જમીન છે. જે જમીનમાં મે. કલેકટરશ્રી વલસાડનાએ જે તે વખતે હાલના કબજેદારોને ભાડે આપવાનો હુકમ કરવામાં આવેલ. જે હુકમ મુજબ હાલના ભાડુઆતો તેમાં કાચી કેબીનવાળી દુકાનો ધરાવે છે. સદર જમીનમાં સને – ૧૯૮૬ માં ટી.પી. સ્કીમમાં પાર્કિંગ માટે અનામત રાખવામાં આવેલ છે. જેથી સદર જમીનમાં આવેલ ભાડુઆતોએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ. ૧૧૫૨ / ૯૯ તથા સ્પે.સી.એ. ૩૮૯ /૨૦૦૨ની દાખલ કરવામાં આવેલ છે.

..૩..

ત્યારબાદ વલસાડ નગરપાલિકાએ સદર જમીનમાં રીવાઈઝ ટી.પી. સ્કીમનો અમલ કરી ૨૭–૧૧–૨૦૦૬ ના આધારે સદર જમીનને વાણીજય હેતુ માટે અનામત રાખવામાં આવેલ છે. જે જમીન ઉપર નગરપાલિકાએ શોપીંગ કોમ્પલેક્ષનું બાંધકામ કરવાનું નકકી કરેલ. જેથી નામદાર હાઈકોર્ટના હુકમ મુજબ જેતે પક્ષકારોને નગરપાલિકાએ સાંભળીને યોગ્ય નિર્ણય કરવાનું ઠરાવવામાં આવેલ છે. જેથી સદર પક્ષકારોને બોલાવી કમીટી સમક્ષ ચર્ચા કરી નીચે મુજબનો નિર્ણય લેવામાં આવેલ છે.

(૧) સદર જમીનની હાલની જંત્રી મુજબની કિંમત રૂા.૨,૮૭,૨૩,૦ ૭૦/–થાય છે.

(૨) બાંધકામ અંગેની કિંમત રૂા.૨,૮૩,૧૦,૩૧૯/–થાય છે.

(૩) જેથી સદર જમીન ઉપર પક્ષકારોનો છેલ્લા –૩૨ વર્ષથી કબજાને ધ્યાને લઈ રૂા.૩,૨૫,૦૦૦/–ની લમસમ કિંમત પક્ષકારો નગરપાલિકામાં ભર્યેથી તેમજ સદર મિલકતનું નવું ભાડુ રૂા.૨૦૦/–પ્રતિ માસ ભર્યેથી સદર મિલકતનો ભાડુઆત હકકે કબજો આપવાનું ઠરાવવામાં આવે છે.અને સરકારશ્રીની મંજુરી મેળવવાનું ઠરાવવામાં આવે છે. તેમજ હાઈકોર્ટમાં આ કેસ પરત્વે બંને પાર્ટીઓએ એટલે કે, નગરપાલિકા તેમજ સુપર માર્કેટ એસોસીએશન સાથે મળી ઠરાવ રજુ કરી જરૂરી હુકમ મેળવવાનું રહેશે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૮.</u>

<u>વિષયઃ–</u> જનક સ્વીટ માર્ટની કેબીન રૂમની દુકાન ફાળવણી અંગે અપસેટ વેલ્યુ નકકી કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાનાં કોર્મશીયલ ટી.પી. અનામત પ્લોટ ઉપર શોપીંગ સેન્ટરનું બાંધકામ અંગે ઈ–ટેન્ડરીંગ કરતાં " રાધિકા કન્સ્ટ્રકશનનું" ટેન્ડર મંજુર કરેલ છે. સદરહું પ્લોટ ઉપર" જનક સ્વીટ" નું મીઠાઈવાળી દુકાન આવેલ છે. આ અંગે નામદાર સીવીલ કોર્ટમાં થયેલ હુકમ અનુસાર અરજદારશ્રી જનક સ્વીટની રજુઆત ધ્યાનમાં લઈ, અપસેટ કિંમત નકકી કરવા અંગે નિતિવિષયક નિર્ણયની જરૂર છે.જે અંગે કમીટીમાં ચર્ચા વિચારણાનાં અંતે નકકી થયું કે,ઉપરોકત આવેલ કામે જરૂરી કાર્યવાહી કરવાની જરૂરી સત્તા, ચીફ ઓફીસરશ્રી, ચેરમેનશ્રી, કારોબારી સમીતી, પ્રમુખશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૯</u>

<u>વિષયઃ–</u> નગરપાલિકા નિયામકશ્રી ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંકઃ નપાનિ / સંકલન / પરચ / વશી–/ ૨૦૧૪ / તા.ઃ ૨૩ / ૦૧ /૨૦૧૪ અન્વયે, વિશ્વ અપંગ દિન– નિમિત્તે વિકલાંગોના પ્રશ્નોના નિરાકરણ બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકા નિયામકશ્રી ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંકઃ નપાનિ / સંકલન / પરચ / વશી–/ ૨૦૧૪ / તા.ઃ ૨૩ / ૦૧ /૨૦૧૪ અન્વયે,અરજદાર શ્રી અપંગ પરિવાર કલ્યાણ કેન્દ્ર ભાવનગરે મે. કમિશ્નર સાહેબ, ગાંધીનગરને વિકલાંગોના પ્રશ્નો હલ કરવા અરજી કરેલ હતી જે અરજી શહેરી વિકાસ વિભાગ થઈ નગરપાલિકા નિયામકશ્રી, ગાંધીનગરની કચેરી ધ્વારા આપણી નગરપાલિકામાં જરૂરી કાર્યવાહી માટે આવેલ છે. અરજદારશ્રી અપંગ – પરિવાર કલ્યાણ કેન્દ્ર ભાવનગરની અરજીમાં જણાવેલ વિગતો જેવી કે..

(૧) અપંગો માટે નોકરીમાં અનામત રેશીયો ૩% છે તે વધારીને ૫% કરવા

(૨) જેતે સરકારી ખાતામાં ૩% ના રેશીયો પ્રમાણે ભરતી કરવા

(૩) ના. સરકારશ્રીએ આ કામે એક મોનીટરીંગ કમિટી નીમી તેમાં વિકલાંગ સંસ્થાના હોદ્દેદરોને પ્રતિનિધીતા આપવા અંગેની રજુઆત કરેલ છે.

ઉપરોકત રજુઆત જોતાં આ બાબતે ના. સરકારશ્રી લેવલે જ નિર્ણય કરવાનો થતો હોઈ એ મુજબનો જવાબ પાઠવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૧૦</u>

<u>વિષયઃ–</u> વોર્ડ નં.–૧૦ મિશન કોલોની પાસે આવેલ સિરાઝ ડેરીવાળી ગલીમાં પેવરબ્લોકનું કામ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૧૦ મિશન કોલોની પાસે આવેલ સિરાઝ ડેરીવાળી ગલીમાં પેવર બ્લોક નાંખવાની જરૂર છે. સદરહું વિસ્તારમાં ખુબજ ગંદકી થાય છે. જો પેવરબ્લોકનું કામ કરવામાં આવે તો સદરહું વિસ્તારને રસ્તાની સુવિધા મળી શકે એમ છે. વધુમાં, મિશન કોલોની રસીકભાઈનાં ઘરની બાજુમાં આવેલ ગલીમાં પેવર બ્લોકનું કામ કરવાની જરૂરીયાત હોય, જે અંગેનાં કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા. ૧૧,૨૦,૦૦૦/– અંકે રૂા. અગીયાર લાખ, વીસ હજાર,પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૧

વિષય:– વોર્ડ નં.–૧, વલસાડ પારડી ભૂતફળિયામાં પેવરબ્લોકનાં રસ્તાનું કામ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૧ નાં વલસાડ પારડી, ભૂતફળિયામાં પેવર બ્લોકનાં રસ્તાનું કામ કરવાની જરૂરીયાત હોય, જે અંગેનાં કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા. ૮,૮૫,૦૦૦/– અંકે રૂા. આઠ લાખ, પંચ્યાસી હજાર,પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૨

વિષય:– વોર્ડ નં.–૧, દેવીસદન બંદર રોડ પાસે પેવરબ્લોકનું કામ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૧ નાં દેવીસદન બંદર રોડ પાસે, પેવર બ્લોકનું કામ કરવાની જરૂરીયાત હોય, જે અંગેનાં કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૭૭,૦૦૦/–અંકે રૂા. એક લાખ, સીત્તોતેર હજાર પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૩

વિષય:– વોર્ડ નં.–૨, જોગીયાની નાળવાળી ગટર અંગેના કામનું જરૂરી એસ્ટીમેઈટ બનાવી, મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૨ નાં જોગીયાની નાળવાળી ગટરનું કામ કરવાની જરૂરીયાત હોય, જે અંગેનાં કામનું આવેલ જરૂરી એસ્ટીમેઈટ રૂા.૧૭,૧૦,૦૦૦/– અંકે સત્તર લાખ, દશ હજાર પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૪

વિષય:– વોર્ડ નં.–૩, કસ્તુરબા હોસ્પીટલ–નાના પારસીવાડ, વરસાદી પાણીની પાકી ગટર અંગેનું જરૂરી એસ્ટીમેઈટ બનાવી, મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૩ નાં કસ્તુરબા હોસ્પીટલ–નાના પારસીવાડ વિસ્તારમાં વરસાદી પાણીની પાકી ગટરનું કામ કરવાની જરૂરીયાત હોય, જે અંગેનાં કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા. ૩,૯૫,૮૦૦/– અંકે રૂા. ત્રણ લાખ, પંચાણુ હજાર, આઠસો પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૫

વિષય:– વોર્ડ નં.–૪, વિસ્તારની સકારામ મંદિર થી ઉતરતો રોડવાળી પાકી ગટર અંગેનું જરૂરી એસ્ટીમેઈટ બનાવી, મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૪ , વિસ્તારની સકારામ મંદિરથી ઉતરતો રોડવાળી પાકી ગટરનું કામ કરવાની જરૂરીયાત હોય, જે અંગેનાં કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા. ૪,૬૦,૮૦૦/– અંકે રૂા. ચાર લાખ, સાંઠ હજાર, આઠસો પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.. ..૫..

કામ નં.–૧૬

વિષયઃ– વોર્ડ નં.–૧૩,તડકેશ્વર સોસાયટીવાળો મેટલીંગ કામ તથા બીએસજી કરવા અંગેનું જરૂરી એસ્ટીમેઈટ બનાવી, મંજુર કરવા બાબત..

ઠરાવ.ઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૧૩ ,તડકેશ્વર સોસાયટીવાળો મેટલીંગ કામ તથા બીએસજી કામ કરવાની જરૂરીયાત હોય, જે અંગેનાં કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા. ૫,૪૫,૦૮૫/– અંકે રૂા. પાંચ લાખ, પીસ્તાલીસ હજાર, પંચ્યાસી પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૭

વિષયઃ– વોર્ડ નં.–૬ નાં ભીંડી બજાર વિસ્તારમાં પેવરબ્લોકનું કામનું જરૂરી એસ્ટીમેઈટ બનાવી, મંજુર કરવા બાબત..

ઠરાવ.ઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૬ , નાં ભીડીં બજાર વિસ્તારમાં પેવર બ્લોકનું કામ કરવાની જરૂરીયાત હોય, જે અંગેનાં કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા. ૪,૪૨,૫૦૦/– અંકે રૂા. ચાર લાખ, બેતાલીસ હજાર, પાંચસો પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૮

વિષયઃ– વોર્ડ નં.–૧૨ નાં તિથલ રોડ,ગીતાંજલી સોસાયટીની સામે આવેલ પાઈપલાઈનવાળા ભાગે પેવરબ્લોકનું કામ અંગેનું જરૂરી એસ્ટીમેઈટ બનાવી, મંજુર કરવા બાબત..

ઠરાવ.ઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૧૨, નાં તિથલ રોડ, ગીતાંજલી સોસાયટીની સામે આવેલ પાઈપલાઈનવાળા ભાગે પેવર બ્લોકનું કામ કરવાની જરૂરીયાત હોય, જે અંગેનાં કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧૨,૦૭,૫૦૦/– અંકે રૂા. બાર લાખ, સાત હજાર, પાંચસો પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૯

વિષયઃ– વોર્ડ નં.–૧૨ નાં તિથલ રોડ, ત્રિવેણી સોસાયટી પાછળ,આર.જે.જે.સ્કુલની ગ્રાઉન્ડમાંથી આર.સી.સી.નું પાઈપલાઈનનું કામનું જરૂરી એસ્ટીમેઈટ બનાવી, મંજુર કરવા બાબત..

ઠરાવ.ઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૧૨, નાં તિથલ રોડ, ત્રિવેણી સોસાયટી પાછળ, આર.જે.જે. સ્કુલની ગ્રાઉન્ડમાંથી આર.સી.સી.નું પાઈપ લાઈનનું કામ કરવાની જરૂરીયાત હોય, જે અંગેનાં કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૭,૭૦,૮૦૦/– અંકે રૂા. સાત લાખ, સીત્તેર હજાર, આઠસો પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૦

વિષયઃ– વોર્ડ નં.–૮ નાં આવાસ યોજના સામેનો પેવર બ્લોકનાં રસ્તાનું કામનું જરૂરી એસ્ટીમેઈટ બનાવી, મંજુર કરવા બાબત..

ઠરાવ.ઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૮, નાં આવાસ યોજના સામેનો પેવર બ્લોકનાં રસ્તાનું કામ કરવાની જરૂરીયાત હોય, જે અંગેનાં કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧૭,૫૫,૦૦૦/– અંકે રૂા. સત્તર લાખ, પંચાવન હજાર પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૧

વિષયઃ– વોર્ડ નં.–૯ અબ્રામા પેવર બ્લોકનું કામ જિલ્લા આયોજનની ગ્રાન્ટમાં દરખાસ્ત કરવાનું કામ મંજુર કરવા બાબત..

..૬..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૯ માં અબ્રામાં પેવર બ્લોકનું કામ કરાવવાની જરૂરીયાત હોય, જે અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૪,૪૬,૭૦૦/– અંકે રૂા.ચાર લાખ, છેતાલીસ હજાર, સાતસો પુરા મંજુર કરી, સદર કામ જિલ્લા આયોજનની ગ્રાન્ટમાંથી કરવા અંગેની જરૂરી દરખાસ્ત કરવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૨

વિષયઃ– વોર્ડ નં.–૩ અંબામાતા મંદીર થી કસ્તુરબા હોસ્પીટલ સુધીનો સીલકોટ ડામર રસ્તાનું કામ જિલ્લા આયોજનની ગ્રાન્ટમાં દરખાસ્ત કરવાનું કામ મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૩ માં અંબામાતા મંદીર નાનીમહેતવાડ થી કસ્તુરબા હોસ્પીટલ સુધીનો સીલકોટ ડામર રસ્તાનું કામ કરાવવાની જરૂરીયાત હોય, જે અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૩૦,૫૦૦/– અંકે રૂા.બે લાખ, ત્રીસ હજાર, પાંચસો પુરા મંજુર કરી, સદર કામ જિલ્લા આયોજનની ગ્રાન્ટમાંથી કરવા અંગેની જરૂરી દરખાસ્ત કરવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૩

વિષયઃ– વોર્ડ નં.–૧૩,ધારાનગર,અબ્રામા વિસ્તારમાં ડામર રોડ, જિલ્લા આયોજનની ગ્રાન્ટમાં દરખાસ્ત કરવાનું કામ મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૧૩ , ધારાનગર, અબ્રામા વિસ્તારમાં ડામર રોડનું કામ કરાવવાની જરૂરીયાત હોય, જે અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧૮,૫૩,૩૦૦/– અંકે રૂા.અઢાર લાખ, ત્રેપન હજાર, ત્રણસો પુરા મંજુર કરી, સદર કામ જિલ્લા આયોજનની ગ્રાન્ટમાંથી કરવા અંગેની જરૂરી દરખાસ્ત કરવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

મે. ચેરમેનશ્રીની અનુમતીથી રજુ થતાં વધારાનાં કામો..

વ.કા. નં.–૧.

વિષયઃ– **IHSDP** યોજના માટે ટોયલેટ બ્લોકનું બાંધકામ આવાસની બહાર કરવા બાબત..

ઠરાવ :–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, **IHSDP** યોજનાના ૨૬૨ પૈકીના આવાસોમાં જલારામ નગરી તથા દશ છાપરી મળી કુલ ૭૫ આવાસ બાંધકામની કામગીરી હાલ ચાલી રહેલ છે. આ યોજનાની મંજુરત મુજબ આ આવાસમાં **BATH** તથા **W.C.** આવાસના અંદરના ભાગે દર્શાવવામાં આવેલ હતા. પરંતુ આ યોજનાના રહીશો તરફથી રજુઆત કરવામાં આવતા આ ટોયલેટ બ્લોક આવાસના પાછળના ભાગે બનાવવાની માંગણી કરવામાં આવેલ. હાલમાં **BATH** તથા **W.C.** આવાસની અંદર બનાવવામાં આવે તો આ યોજના માટે વધારાનો કોઈ ચાર્જ ચુકવવાનો રહેતો નથી પરંતુ જો **BATH** તથા **W.C.** આવાસની બહાર બનાવવામાં આવે તો વધારાનો ચાર્જ ચુકવવાનો થાય છે. અંદરના ભાગમાંથી જો **BATH** તથા **W.C.** રદ કરવામાં આવતા અભરાઈનો સ્લેબ **BATH** તથા **W.C.** દિવાલો તથા પ્લાસ્ટર અને બારણુ ઓછું થાય છે. જયા **BATH** તથા **W.C.** બહાર બનાવવામાં આવે તો દિવાલ તથા પ્લાસ્ટર અને સ્લેબ ભરવાનો થાય છે. જે માટે જરૂરી માપણી શીટ વિગેરે આ સાથે રજુ કરવામાં આવેલ છે. જે મુજબ ખર્ચ નીચે મુજબ થવાની સંભાવના છે. આ ઉપરાંત પ્રમુખશ્રી તરફથી આપવામાં આવેલ સુચના મુજબ ગ્લેઝડ ટાઈલ્સ ફીટીંગનો ખર્ચ ઉમેરવાનો રહે છે. તથા ટોયલેટ બ્લોકના બીમ પાછળથી ભરવાના થાય તો પાઈલના ફાઉન્ડેશન બનાવવાના રહે છે. જેનો સઘળો ખર્ચ નીચે મુજબ છે.

..૭..

–મંજુર થયેલ ટેન્ડર મુજબ કરવાનો થતો વધારાનો ખર્ચ... રૂ.૮૦૦૬.૬૬
–મંજુર થયેલ ટેન્ડર આવાસના અંદરના ભાગેથી રદ કરવામાં આવતા થતી બચત.. રૂ.૬૦૦૧.૮૯
–વધારાનો ખર્ચ... રૂ.૨૦૦૪.૭૭
–આ કામનું ટેન્ડર પ્રીમીયમ ઉંચુ ૧૬૩.૮૨ % .. રૂ.૩૨૮૪.૨૧
–અંદરના ભાગે એક ફુટ ગ્લેઝડ ટાઈલ્સ ડેડો તથા ફલોરીંગનો ખર્ચ.. રૂ. ૨૫૫૯.૫૨
–કેટલાક આવાસમાં પાઈલના ફાઉન્ડેશન બનાવવાનો ખર્ચ.. રૂ. ૩૮૪.૦૦
–૧૯૨૦.૦૦ * ૧૫ / ૭૫
–કુલ વધારાનો ખર્ચ.. રૂ. ૮૨૩૨.૫૦

ઉપરોકત ટેબલ જોતા પ્રતિ આવાસ જો આવાસની બહારની બાજુ ટોયલેટ બનાવવાનો ખર્ચ રૂ.૮૨૩૨/– થવાની સંભાવના છે. આ કામ સદર ટેન્ડરમાં ન હોવાથી વધારાનો ખર્ચ થાય છે. તથા એજન્સીને ચુકવવાનો રહે છે. જે હકીકતો વિદિત થતાં ઉપરોકત આવેલ કામે જરૂરી કાર્યવાહી કરી, મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૨.</u>

<u>વિષયઃ–</u> નગરપાલિકાના સભાખંડમાં સભ્યશ્રીઓને બેસવા માટેની ખુરશીઓ ખરાબ થઈ ગયેલ છે.જેને રીપેરીંગ કામ કરવા તથા માલસામાન સહિતનો આવેલ અંદાજીત ખર્ચ રૂ.૧૦,૨૦૦/– પુરા મંજુર કરવા બાબત..

<u>ઠરાવ :–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના સભાખંડમાં નગરપાલિકાઓના ચુંટાયેલા સભ્યશ્રીઓને બેસવા માટે રાખવામાં આવેલ રીવોલ્વીંગ ચેર / ખુરશીઓ ઘણી ખરાબ થઈ ગયેલ છે.અને જયારે જયારે જનરલ બોર્ડની મીટીંગો કે અન્ય મીટીંગો મળે છે ત્યારે બેસવા માટે ઘણીજ અગવડતા ઉભી થાય છે. જે અંગે સભાખંડમાંની રીવોલ્વીંગ ચેરોની રીપેરીંગ કામની ચકાસણી કરાવતાં ખરાબ થઈ ગયેલ રીવોલ્વીંગ ખુરશીના નવા વ્હીલ, ચેર હેન્ડલ , હાઈડ્રોલીક પંપ વિગેરેનું કામ કરાવવા તથા માલસામાન સહિતનો અંદાજીત ખર્ચ રૂ.૧૦,૨૦૦/– અંકે રૂ.દશ હજાર, બસો પુરા આવેલ છે. જે ધ્યાને લઈ, સભાખંડની રીવોલ્વીંગ ખુરશીના નવા વ્હીલ, ચેર હેન્ડલ , હાઈડ્રોલીક પંપ વિગેરે કામ કરાવવાની જરૂરીયાત જણાતાં, સભાખંડની ખુરશીઓ / રીવોલ્વીંગ ચેર રીપેરીંગ કામ કરાવવાનું માલસામાન સહિતના ભાવપત્રક મંગાવતા નીચે જણાવેલ ત્રણ વેપારીનાં ભાવો આવેલ છે.જે નીચે મુજબ છે.

| અ.નં. | વિગત. | પિન્ટુ મદનદાસ ખુરશીવાલા, સંગમટેકરા, સુરત. (એક નંગનો ભાવ) | શ્રી સાંઈ સાગર, સુર્યનગરસોસાયટી પાસે, સુરત. (એક નંગનો ભાવ) | વાંસફોડા રામચંદ્રભાઈ, સહારા દરવાજા,સુરત. (એક નંગનો ભાવ) |
|---|---|---|---|---|
| ૧. | નવા વ્હીલ–૧૫નંગ | ૪૦–૦૦ | ૫૦–૦૦ | ૪૫–૦૦ |
| ૨. | ચેર હેન્ડલ જોડી–૦૨ નંગ | ૪૫૦–૦૦ | ૪૭૦–૦૦ | ૪૬૦–૦૦ |
| ૩. | હાઈડ્રોલીક પંપ–૧૦નંગ. | ૬૦૦–૦૦ | ૭૫૦–૦૦ | ૭૦૦–૦૦ |
| ૪. | ખુરશીનંગ–૨(નવીબનાવવી.) એક ખુરશીનો ભાવ. | ૧૩૫૦–૦૦ | ૧૪૦૦–૦૦ | ૧૫૦૦–૦૦ |

ઉપરોકત આવેલ ત્રણ વેપારીઓના ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં, શ્રી પિન્ટુ મદનદાસ ખુરશીવાલા, સુરતના ભાવો સૌથી ઓછા અને વ્યાજબી હોય, જે સૌથી ઓછા ભાવો મંજુર કરી, મંજુર થયેલ ભાવે, શ્રી પિન્ટુ મદનદાસ ખુરશીવાલા, સુરતના પાસે સભાખંડની રીવોલ્વીંગ ચેરો / ખુરશીઓનું રીપેરીંગ કામગીરી માલસામાન સહિત કરાવવાનું તથા રીપેરીંગ કામ થયા બાદ, આવતાં બીલનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૩</u>

<u>વિષયઃ–</u> અરજદારશ્રી હસમુખભાઈ ગણેશભાઈ ધોડી વિગેરેની આર્કીટેક એન્જીનીયર / સ્ટ્રકચરલ ડીઝાઈનર તરીકે રજીસ્ટ્રેશન કરવા અંગેની આવેલ અરજી બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

..૮..



<u>ઠરાવ :–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં નકકી કરવામાં આવ્યું કે,ના.સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,સચીવાલય–ગાંધીનગરના પરીપત્ર નં.પરચ/૧૦૨૦૦૧ /૪૫૫, તા.:૨૭–૩–૨૦૦૧ થી આર્કીટેક, એન્જીનીયર,સ્ટ્રકચરલ
ડીઝાઈનર, સાઈટ સુપરવાઈઝર,માલીક,વિગેરેના રજીસ્ટ્રેશન કરવાની પ્રથા દાખલ કરવામાં આવેલ છે. અને સદર પરિપત્ર થી જેતે કેટેગરીમાં રજી. કરવાની લાયકાત નકકી કરવામાં આવેલ છે. જેની નોંધ નગરપાલિકા નગરપાલિકા જ.બો.ઠ.નં. ૩૫ / તા.: ૨૭–૭–૨૦૦૧ થી નોંધ લઈ તેવા રજીસ્ટ્રેશન કરવા, નિયમો, રજીસ્ટ્રેશન ફી તથા રીન્યુઅલ ફી નકકી કરવામાં આવેલ છે. અને ઠરાવનું અમલીકરણ કરવામાં આવેલ છે.

ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં અરજદારો ધ્વારા તેઓનું રજીસ્ટ્રેશન કરવાના કામે નિયત કરવામાં આવેલ અરજી ફોર્મમાં જરૂરી વિગતો દર્શાવી પુરાવાઓ રજુ કરી રજીસ્ટ્રેશન કરવા જણાવેલ છે. અરજદારોની અરજી જોતાં, સદર તેઓની માંગણી પ્રમાણે જરૂરી લાયકાતો ધરાવતા હોઈ, તેઓની માંગણી પ્રમાણે નીચે જણાવેલ કેડરમાં રજીસ્ટ્રેશન કરવાને પાત્ર હોય,ઉપરોકત આવેલ કામ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં. | નામ./ સરનામું. | રજી.કરવાની કેટેગરી. |
|---|---|---|
| ૧. | ધોડી હસમુખભાઈ ગણેશભાઈ,<br>મુ. પો. સંજાણ, તા.જી. વલસાડ. | એન્જીનીયર. |
| ૨. | પ્રણવ ગજ્જર,<br>પ્લોટ નં.–૮૭,પાલીહીલ–૩, વલસાડ. | આર્કીટેક. |
| ૩. | વાઘેલા નિલેશકુમાર ભગવાનજીભાઈ,<br>દેવ રેસીડન્સી, પાલીહીલ–૩, વલસાડ. | એન્જીનીયર. |
| ૪. | શ્રી વિનાયક એન્ડ એસો,<br>૧૦૫,કોર્નર પોઈન્ટ ચાર રસ્તા– વાપી. | એન્જીનીયર. |

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૪</u>
<u>વિષયઃ–</u> સુપર માર્કેટના ભાડા વસુલ કરવા બાબત..
<u>ઠરાવ :–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં નકકી કરવામાં આવ્યું કે,વલસાડ નગરપાલિકાની માલીકીના સુપર મારકેટ તેમજ ન્યુ સુપર મારકેટ કોર્ટ મેટર અને ન્યાયની પ્રક્રિયામાં હોવાથી એપ્રિલ–૧૧ થી ભાડા વસુલાત કરવાનું બંધ કરવામાં આવેલ હતું. ત્યારબાદ ગત વર્ષે તત્કાલીન ચીફ ઓફીસરશ્રીનાં મૌખિક હુકમ અનુસાર ન્યુ સુપર મારકેટનાં બીજા માળની પ્રિમાઈસીસની ભાડા " અન્ય અનામત " ખાતે જમા કરાવવા હુકમ કરેલ. જે મુજબ ચ.નં.૨૯૧૬ તા.:૨૬–૯–૧૨ અને ચલન નં.૩૯૩૬ તા.: ૩૦/૩/૧૩ થી એકા.શાખામાં જમા કરાવેલ છે. હાલમાં ચીફ ઓફીસર સાહેબનાં મૌખિક હુકમ અનુસાર ન્યુ સુપર મારકેટના બીજા માળની પ્રિમાઈસીસનાં ભાડા " બીજી અનામત ખાતે " ચલન નં.૩૬૧૬ / તા.:૧૩–૨–૧૪ થી એકા. શાખામાં જમા કરાવેલ છે. જે મુજબ સુપર મારકેટના ભાડા પણ વસુલ કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ભાડા વસુલ કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૫</u>
<u>વિષયઃ–</u> સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના ( **UDP - 56** ) હેઠળ સ્પોર્ટસ કોમ્પલેક્ષ બાંધકામ કરવાના કામના આવેલ ટેન્ડરો બાબતે નિર્ણય થવા બાબત..
<u>ઠરાવ :–</u>

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ ( **UDP - 56** ) અંતર્ગત ડી.એમ.ડી.જી. મ્યુનિ. હાઈસ્કુલની પાછળનાં ભાગે સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનીકપેપરમાં જાહેરાત આપી ઈટેન્ડરીંગ કરી ટેન્ડરો મંગાવવામાં આવતાં મુદત દરમ્યાન કુલ બે ઠેકેદારશ્રીનાં ટેન્ડરો આવેલા છે.સદર કામે આવેલ ટેન્ડર ડોકયુમેન્ટ તા.:૪–૨–૧૪ નાં રોજ ખુલ્લા કરવામાં આવેલા છે. અને સદર કામનાં આવેલ ઓનલાઈન ટેન્ડરો તા.: ૫–૨–૧૪ નાં રોજ ખુલ્લા કરવામાં આવેલા છે. સદર ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરો પૈકી રાધિકા કન્સ્ટ્રકશન વડોદરાનું ટેન્ડર ઓછું આવેલ છે. સદર ટેન્ડરરે ટેન્ડરમાં ભરેલ રકમ રૂા.૩,૧૮,૫૮,૬૧૮–૫૦ પુરાનું ઓછું આવેલ ટેન્ડર મંજુર કરી, આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.. ..૯..

વ.કા. નં.–૬

વિષયઃ– શ્રીનાથ કેટરર્સ– વલસાડનું બીલ મંજુર કરવા બાબત..

ઠરાવ :–

નગરપાલિકા વિસ્તારમાં તથા ઉપરવાસ વિસ્તારમાં તા.:૧૩ /૦૭/૨૦૧૩ ના રોજ થયેલ ભારે વરસાદને કારણે નગરપાલિકા વિસ્તારમાં આવેલ પૂરને કારણે ઉદ્‌ભવેલ ગંદકી વિ. ને દુર કરવા તથા જિલ્લા વહીવટી તંત્ર વલસાડ તરફથી મદદરૂપ થવા બહારથી બોલાવેલ બટાલીયન ટીમ માટે ભોજનની વ્યવસ્થા તાકીદના પગલે શ્રીનાથ કેટરર્સ, સિવિલ રોડ વલસાડ પાસે કરાવેલ તેનું આવેલ રૂા.૧૦,૫૦૦/– અંકે રૂા. દસ હજાર, પાંચસો પુરાનું બીલ મંજુર કરી ચુકવણું કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૭

વિષયઃ– વોર્ડ નં.–૯ માં આવેલ સર્વોદય સોસાયટી પાછળની ખુલ્લી ગટરમાં આર.સી.સી.પાઈપ લાઈન નાંખવાના કામે આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૭૬,૩૦૦/–પુરા મંજુર કરવા બાબત..

ઠરાવ :–

વોર્ડ નં.–૯ માં આવેલ સર્વોદય સોસાયટી પાછળની ખુલ્લી ગટર આવેલ છે. સદર ગટરને બંધ કરવાની જરૂરીયાત હોવાથી આર.સી.સી. પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત છે. સદર કામનો એસ્ટીમેઈટની રકમ રૂા.૨,૭૬,૩૦૦/–પુરાનો આવેલ છે. સદર એસ્ટીમેઈટ મંજુર કરી સદર કામગીરી કરાવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૮

વિષયઃ– વોર્ડ નં.–૯ માં આવેલ સાંઈબાબાના મંદીરથી સર્વોદય સોસાયટી સુધીની ખુલ્લી ગટર પર ચણતર કામ કરી પથ્થર બેસાડવા કામનો એસ્ટીમેઈટ રૂા.૧,૯૧,૦૨૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ :–

વોર્ડ નં.–૯ માં આવેલ સાંઈબાબાના મંદીરથી સર્વોદય સોસાયટી સુધીની ખુલ્લી ગટર પર ચણતર કામ કરી પત્થર બેસાડવાની જરૂરીયાત હોવાથી સદર એસ્ટીમેઈટની રકમ રૂા.૧,૯૧,૦૨૦/–પુરાનો આવેલ છે.જે મંજુર કરી સદર કામગીરી કરાવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૯

વિષયઃ– રેલ્વે સ્ટેશન દાદર થી પુર્વ તરફ પોલીસ હેડ કવાર્ટસ સુધીનો રસ્તો ડામર રોડ બનાવવાનો એસ્ટીમેઈટ રૂા.૨૯,૩૧,૯૨૪/– મંજુર કરવા બાબત..

ઠરાવ :–

રેલ્વે સ્ટેશન દાદર થી પુર્વ તરફ પોલીસ હેડ કવાર્ટસ સુધીનો રસ્તો ગત બોર્ડમાં સદર રસ્તો ટ્રીમીક્ષ બનાવવાનું મંજુર કરવામાં આવેલ છે. સદર રસ્તો ટ્રીમીક્ષ બનાવવાની નહી હોય સદર રસ્તાને ડામર રોડ બનાવવાની જરૂરીયાત હોવાથી સદર ડામર રસ્તો બનાવવાના કામનો એસ્ટીમેઈટની રકમ રૂા.૨૯,૩૧,૯૨૪ /–પુરાનો આવેલ છે.જે મંજુર કરી સદર રસ્તો કામગીરી કરાવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૧૦

વિષયઃ–સીપાઈવાડ વિસ્તારમાં આવેલ સામેની ગલીમાં પેવર બ્લોક બેસાડવાના કામનો એસ્ટીમેઈટ રૂા. ૨,૪૧,૯૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ :–

સીપાઈવાડ વિસ્તારમાં આવેલ સામેની ગલીમાં પેવર બ્લોક બેસાડવાની જરૂરીયાત હોય સદર કામગીરી કરાવવા માટેનો એસ્ટીમેઈટની રકમ રૂા.૨,૪૧,૯૦૦ /–પુરાનો આવેલ છે. સદર આવેલ એસ્ટીમેઈટ મંજુર કરી, સદર કામગીરી કરાવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૧૦..

વ.કા. નં.–૧૧

વિષયઃ– પૂરબ પશ્ચિમ એપાર્ટમેન્ટમાં પેવર બ્લોક બેસાડવાના કામનો એસ્ટીમેઈટ રૂા.૧,૯૯,૦૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ :–

પૂરબ પશ્ચિમ એપાર્ટમેન્ટમાં પેવર બ્લોક બેસાડવાના કામગીરી કરવાની જરૂરીયાત હોય સદર કામગીરી કરવા અંગેનો આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા.૧,૯૯,૦૦૦ /– અંકે રૂા.એક લાખ, નવ્વાણુ હજાર પુરાનો આવેલ છે. સદર કામગીરી કરવી અત્યંત અને જરૂરી હોય સદર આવેલ એસ્ટીમેઈટ મંજુર કરી, સદર કામને મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૧૨

વિષયઃ– રામવાડી વિસ્તારમાં ગજાનંદની ગલીમાં પેવરબ્લોક બેસાડવાના કામનો એસ્ટીમેઈટ રૂા.૭૧,૬૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ :–

રામવાડી વિસ્તારમાં ગજાનંદની ગલીમાં પેવર બ્લોક બેસાડવાના કામગીરી કરવાની જરૂરીયાત હોય સદર કામગીરી કરવા અંગેનો આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા.૭૧,,૬૦૦ /– અંકે રૂા.એકોતેર હજાર, છસો પુરાનો આવેલ છે. સદર કામગીરી કરવી અત્યંત અને જરૂરી હોય સદર આવેલ એસ્ટીમેઈટ મંજુર કરી, સદર કામને મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૧૩

વિષયઃ–

સને ૨૦૧૩ નાં વર્ષમાં ગણેશજીની પ્રતિમાનું વિસર્જન તથા દશામાની પ્રતિમાનું વિસર્જન ઔરંગાનદી તેમજ વાંકીનદી ઉપર રાત્રી દરમ્યાન લાઈટીંગની વ્યવસ્થા કરવા માટે ફાયર એન્ડ લાઈટ કમીટી ઠરાવ નં.–૧૫ / તા.:૨૬–૪–૧૩ થી મંજુર થયા મુજબ સદર કામગીરી જયઅંબે લાઈટીંગ ડેકોરેશન,વલસાડ પાસેથી કરાવેલ જેનાં આવેલ જુદા જુદા બીલ રૂા.૧,૫૬,૫૦૦/– + ૩૨,૨૦૦/– પુરા મંજુર કરવા બાબત..

ઠરાવ :–

સને ૨૦૧૩ નાં વર્ષમાં ગણેશજીની પ્રતિમાનું વિસર્જન તથા દશામાની પ્રતિમાનું વિસર્જન, ઔરંગાનદી તેમજ વાંકીનદી ઉપર રાત્રી દરમ્યાન લાઈટીંગની વ્યવસ્થા કરવા માટે, ફાયર એન્ડ લાઈટ કમીટી ઠરાવ નં.–૧૫ / તા.:૨૬–૪–૧૩ થી મંજુર થયા મુજબ, સદર કામગીરી જયઅંબે લાઈટીંગ ડેકોરેશન,વલસાડ પાસેથી કરાવેલ છે. સદર બંને સ્થળો પર ગણેશજીની પ્રતિમા તથા દશામાની પ્રતિમા વિસર્જન નિમિત્તે,લાઈટીંગની વ્યવસ્થા, કામની અગત્યતાને લઈને કરાવેલ કામગીરીનાં ઔરંગાનદી તેમજ વાંકી નદી પર લાઈટીંગની વ્યવસ્થા કરેલ તેનાં બીલો આવેલ છે.સદર આવેલ બીલોનું ચુકવણું કરવાનું હોય સદર કરાવવામાં આવેલ કામગીરીનાં બીલોનાં થયેલ ખર્ચની રકમ રૂા.૧,૫૬,૫૦૦/– + ૩૨,૨૦૦/– પુરા મળી કુલ રૂા. ૧,૮૮,૭૦૦/–પુરા સમગ્ર સભાની મંજુરતની અપેક્ષાએ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

સહી /– અવાચ્ય
(શ્રી ધર્મિન. પી. શાહ )
ચેરમેન
કારોબારી સમીતી
વલસાડ નગરપાલિકા.